# મોટાકંથારિયામાં ભાઈએ ભાઈને પતાવી દીધો

હિંમતનગર, તા. ૨૧

શામળાજી નજીક આવેલા મોટાકંથારિયા ગામે રહેતા એક જ પરિવારના બે ભાઈઓ વચ્ચે એક વર્ષ અગાઉ પોતાની માતાના દાગીના બાબતે બોલાચાલી થઈ હતી. જેની અદાવત રાખી મોટાભાઈએ ગુરૂવારે રાત્રે ઘરના આંગણામાં સુઈ રહેલા નાનાભાઈને કુહાડી મારી ગંભીર ઈજા પહોંચાડતા તેનું મોત નિપજાવ્યું હતું. જો કે મોટોભાઈ નાના ભાઈની હત્યા કરી ભાગી ગયો હતો. બનાવ અંગે શામળાજી પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ભિલોડા તાલુકાના અને શામળાજી નજીક આવેલા મોટાકંથારિયા ગામે રહેતા કમજીભાઈ સુકાજી વરસાતને પાંચ દિકરા છે. જે સંયુક્ત રહે છે. તેઓના પાંચ દિકરાઓ પૈકીનો માવજીભાઈ કમજીભાઈ વરસાત એક વર્ષ અગાઉ તેની માતાના દાગીના લઈ ભાગી ગયો હતો. દરમિયાન તાજેતરમાં માવજીભાઈ પરત પોતાના ઘરે આવ્યો હતો. જેથી બુધવારે મોટાભાઈ માવજીભાઈને કાવજીભાઈ વરસાતે માતાના દાગીના વિશે પુછતાં બંને વચ્ચે ઝઘડો થયો હતો. ત્યારબાદ આ બંને જણા ગુરૂવારે રાત્રે ઘર આગળના આંગણામાં ખાટલા નાખી સુઈ રહ્યા હતા. દરમિયાન મોટાભાઈ માવજીભાઈએ અદાવત રાખી સુઈ રહેલા નાનાભાઈ કાવજીભાઈ (ઉ.વ.૩૦)ને ગળાના ભાગે કુહાડી મારી ગંભીર ઈજા પહોંચાડતા તેનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. ત્યારબાદ માવજીભાઈ ભાઈની હત્યા કરી કુહાડી લઈ ભાગી છુટ્યો હતો. બનાવ અંગે શામળાજી પોલીસને શુક્રવારે જાણ થતાં પી.એસ.આઈ. એમ.ડી. ચંદ્રાવાડીયાએ કમજીભાઈ સુકાજી વરસાતની ફરિયાદને આધારે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



પાલનપુર તાલુકાના ખોડલા ગામના એપ્રોચ રોડનું થોડા સમય પહેલા તંત્ર દ્વારા સમારકામ કરવામાં આવ્યું હતું. પરંતુ પહેલા વરસાદમાં જ સમગ્ર માર્ગનું ધોવાણ થઈ જતાં તંત્રની પોલ ખુલ્લી પડી છે. જયારે રોડની પરિસ્થિતિ પહેલા કરતાં પણ સાવ ખરાબ થઈ જતાં ગ્રામજનોમાં રોષ ફેલાયો છે. ખોડલા ગામથી પાલનપુર જવા માટે આ એક જ રસ્તો હોવાથી ગામના વેપારીઓ, ખેડૂતો, વિદ્યાર્થીઓ અને કર્મચારીઓને પારવાર મુશ્કેલીનો સામનો કરવો પડે તેવી પરિસ્થિતિ ઉદભવી છે. (તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

# મહિયલ પાસે ટ્રેનની હડફેટે આવી જતા યુવાનનું મોત

હિંમતનગર, તા. ૨૧

તલોદ રેલવે સ્ટેશનથી કોલેજ પાસે આવેલા મહિયલના રેલવે ફાટકે શુક્રવારે રેલવેની અડફેટે આવી જતા વિદ્યાર્થીનો પગ કપાઈ ગયો હતો. અમદાવાદ તરફથી આવતી ટ્રેનની વ્હીસલ સાંભળી અન્ય લોકોએ આ વિદ્યાર્થીને સાવચેત રહેવા પ્રયાસો કર્યા હતા. પરંતુ કાનમાં ભરાવેલ ઈયરફોનને કારણે અવાજો ન સંભળાતા વિદ્યાર્થીને પગ ગુમાવવો પડ્યો છે. જો કે તેને સારવાર અર્થે અમદાવાદ ખસેડાયો છે. જ્યાં તેનું કરૂણ મોત નિપજ્યું હતું.

આ અંગેની વિગત એવી છે કે અમદાવાદથી ઉદેપુર જતી ટ્રેન શુક્રવારે અમદાવાદથી તલોદ આવી રહી હતી. દરમિયાન મહિયલ ગામે આવેલ જે.બી. ઉપાધ્યાય હાઈસ્કૂલનો ધોરણ-૧૨માં ભણતો વિદ્યાર્થી જયેશસિંહ સરદારસિંહ ઝાલા (ઉં.વ.૧૮) શાળામાંથી પરત આવી રહ્યો હતો અને મોબાઈલનો ઈયરફોન તેણે લગાવેલો હતો. દરમિયાન મહિયલ ફાટક પાસેથી પસાર થતી ટ્રેનની વ્હીસલ જયેશસિંહે સાંભળી ન હતી. જો કે અહીંથી પસાર થતાં અન્ય લોકોએ જયેશને બૂમ પાડીને ખસી જવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ તેમાં જયેશને કંઈ જ સંભળાયું ન હતું. જેથી તે ટ્રેનની અડફેટે આવી ગયો હતો અને બે પગનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. દરમિયાન અચાનક બનેલી ઘટના બાદ ૧૦૮ને જાણ કરાતા પાયલોટે આવી ઈજાગ્રસ્ત જયેશસિંહ ઝાલાને સારવાર અર્થે મોકલી આપ્યો હતો. જ્યાં તેનું શુક્રવારે બપોર બાદ મોત નિપજ્યું હતું.



પાલનપુર કોંગ્રેસ દ્વારા ખાણ-ખનિજ ક્ષેત્રે કરાયેલ વ્યાપક ભ્રષ્ટાચારમા વર્તમાન ભાજપ સરકારના મંત્રી બાબુભાઈ બોખીરીયાનું રાજીનામુ સત્વરે લેવા માટે આજરોજ પાલનપુર કોંગ્રેસ દ્વારા ધરણા યોજી નિવાસી કલેક્ટરને આવેદન સુપ્રત કરેલ છે. (તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

# બેંક ઓફ બરોડા દ્વારા સૌ પ્રથમ એગ્રો લોન ફેક્ટરી યોજનાનો હિંમતનગરથી પ્રારંભ

હિંમતનગર, તા. ૨૦

ધિરાણ અને સામાજિક સેવાઓ પ્રત્યે સતત જાગૃત રહી પ્રગતિ કરતી બેંક ઓફ બરોડા દ્વારા દેશમાં સૌપ્રથમ એગ્રો લોન ફેક્ટરી યોજનાનો ગુરૂવારે હિંમતનગરથી પ્રારંભ કરાયો હતો ત્યારે તેમાં બેંકના ચેરમેને ગુજરાતીઓની નિષ્ઠા, ધગશ અને ધ્યેય પ્રાપ્તી માટે કરાતી સખ્ત મહેનતના વખાણ કરી જણાવ્યુંહતું કે ગુજરાતીઓના પરસેવાનું ટીપુ સોનુ પકવે છે. ગુજરાતે કૃષિ ક્ષેત્રે કરેલો વિકાસ અન્ય રાજ્યો માટે પણ દિશા બતાવનારો સાબિત થયો છે.

હિંમતનગરના મહેતાપુરા વિસ્તારમાં આવેલી બેંક ઓફ બરોડાની શાખામાં ગુરૂવારે એગ્રો લોન ફેક્ટરી યોજનાનો પ્રારંભ કરાવતા એસ.એસ. મુંદડાએ વધુમાં જણાવ્યું હતું કે બેંક દ્વારા દેશમાં સૌપ્રથમ એગ્રો લોન ફેક્ટરીના નેશનલ પાયલોટ પ્રોજેક્ટનો હિંમતનગરથી પ્રારંભ કરાયો છે તેની પાછળ ખેડૂતોએ કરેલો વિકાસમાં મેળવેલી સફળતા છે. સાબરકાંઠાના ખેડૂતોએ બટેટા, કપાસ, મગફળી, મકાઈ, કેપ્સીકમ, બાગાયતી સહિતના ક્ષેત્રે જે હરણફાળ ભરી છે. બેંક દ્વારા મહેસાણા ક્ષેત્રમાં આવતા સાબરકાંઠા જિલ્લામાં શરૂ કરાઈ છે. જરૂરિયાત મંદ ખેડૂતોને વધુ લાભ મળશે.

યોજનાના પ્રારંભ પૂર્વે બેંકના ચેરમેન અને ઉચ્ચ અધિકારીઓએ ઈડર તાલુકાના નેત્રામલી ગામની મુલાકાત લઈને બેંકે લીધેલા દત્તક ગામે કરેલા વિકાસની માહિતી મેળવી હતી. આ કાર્યક્રમમાં મહિલાઓની વિશેષ ઉપસ્થિતિની પણ ચેરમેને નોંધ લીધી હતી. મહેતાપુરામાં આવેલી બેંકની શાખામાં એગ્રો લોન ફેક્ટરીની કચેરીનો પ્રારંભ કરાવ્યા બાદ યોજાયેલા કાર્યક્રમમાં તેમણે બેંકની વિકાસ ગાથા રજુ કરી હતી. આ પ્રસંગે ઉત્તર ગુજરાત ઝોનના જનરલ મેનેજર ઉમાકાન્ત કે. બીજાપુર, ડે. જનરલ મેનેજર એમ.એસ.પટેલ સહિત અન્ય ઉચ્ચ અધિકારીઓએ બેંકની પ્રગતિની રૂપરેખા આપી હતી. આ પ્રસંગે સાબરડેરીના ચેરમેન જેઠાભાઈ પટેલ અને હિંમતનગર ન.પા. પ્રમુખ શંકરલાલ કહાર ઉપસ્થિત રહ્યા હતા.

## મહેસાણામાં સમસ્ત બ્રહ્મ સમાજનો જીવનસાથી પસંદગી મેળો

અખિલ ગુજરાત બ્રહ્મ યુવા પરિષદ સાવરકુંડલા તરફથી સમસ્ત બ્રહ્મ સમાજનો ૬૧મો જીવનસાથી પસંદગી મેળો જુલાઈ માસમાં મહેસાણા ખાતે યોજાનાર છે. શ્રી નિવાસનભાઈ આયંગર, લક્ષ્મી ઈલેક્ટ્રીક સ્ટોર મહેસાણા, ૦૨૭૬૨-૨૪૧૬૦૧૩ રાકેશભાઈ શુક્લ, ઓમ પ્રિન્ટર્સ, ચોક્સી બજાર, પાસેથી માહિતી મળશે.

# ભિલોડાના વેપારી દંપતિ પર હુમલાના પગલે મામલતદારને આવેદનપત્ર આપ્યું

હિંમતનગર, તા. ૨૧

ભિલોડાના નારસોલી રોડ પર રહેતા એક સોની વેપારી અને તેમની પત્નિ બુધવારે મોડી સાંજે સ્કૂટર પર જતા હતા ત્યારે ચાર અજાણ્યા બાઈક સવારોએ આવી વેપારી દંપતિ પર હુમલો કરી તિજોરીની ચાવી લઈ ભાગી ગયા હતા. જે અંગે ચોકસી અને વેપારી મહાજન દ્વારા તેના વિરોધમાં ગુરૂવારે બંધનું એલાન આપ્યુ હતું. જેમાં વેપારીઓએ સહયોગ આપી ઘટનાના વિરોધમાં ભિલોડા મામલતદારને આવેદનપત્ર આપી અજાણ્યા બાઈક સવારોને ઝડપી પાડવા માંગ કરી છે.

આ અંગે ભિલોડા વેપારી મહાજનના પ્રમુખ-ઉપપ્રમુખ કમલેશભાઈ મહેતા, કાન્તીભાઈ પંચાલ, ડાહ્યાભાઈ પટેલ, ચોકસી એસોસીએશનના પ્રમુખ જન્મેજય સોની, મંત્રી શૈલેષભાઈ સોની, હર્ષદભાઈ સોની સહિતના અન્ય વેપારીઓએ મામલતદારને આપેલા આવેદનપત્રમાં જણાવ્યું છે કે દિનપ્રતિદિન ભિલોડામાં રહેતા અનેક વેપારીઓની સલામતી જોખમાઈ રહી છે. બુધવારે રાત્રે નારસોલી રોડ પર સ્કૂટર પર બેસી જઈ રહેલા વિષ્ણુભાઈ સોની અને તેમના પત્નિ કલ્પનાબેન સોની પર લૂંટ કરવાના ઈરાદે બે બાઈક પર આવેલા ચાર અજાણ્યા શખ્સોએ હુમલો કરી તેમની પાસેનો થેલો ઝુટવીને લઈ ગયા હતા. એટલું જ નહિ પણ આ અજાણ્યા શખ્સોએ પત્થરથી ઈજા પહોંચાડી બેભાન કરી દેતા તેમને સારવાર માટે ખસેડવા પડ્યા હતા. જેથી આ અજાણ્યા બાઈક સવારોને સત્વરે ઝડપી લેવા જોઈએ. ગુરૂવારે અપાયેલા બંધના એલાનમાં વેપારીઓએ સહયોગ આપી બંધને સફળ બનાવ્યો હતો.

# પ્રાંતિજના સોની દંપતિ ઉત્તરાખંડમાં ફસાતા સ્વજનોએ ફ્લાઈટ પકડી

હિંમતનગર, તા. ૨૧

ઉત્તરાખંડમાં આવેલા જળપ્રલયને કારણે બદ્રીનાથ અને કેદારનાથ સહિત ચારધામની યાત્રાએ ગયેલા અનેક ગુજરાતીઓ ફસાઈ ગયા છે ત્યારે તેમાં પ્રાંતિજના એક સોની દંપતિનો પણ સમાવેશ થાય છે. આ દંપતિનો છેલ્લા કેટલાક દિવસથી સંપર્ક ન થતાં ગુરૂવારે પ્રાંતિજથી તેમના સ્વજનો કેદારનાથ જવા રવાના થયા હતા.

આ અંગેની વિગત એવી છે કે પ્રાંતિજમાં રહેતા ગોવિંદભાઈ સોનીના પિતા તેજાભાઈ બાબુભાઈ સોની તથા તેમના પત્નિ જીવીબેન સોની ગત તા. ૨૯ મે ના રોજ ચારધામની યાત્રા કરવા માટે પાયલ ટ્રાવેલ્સ મારફતે લકઝરીમાં ગયા હતા. તેઓ ગત રવિવારે કેદારનાથ પહોંચ્યા હતા. ત્યાં સુધી તેમના પરિવારજનો સાથે સંપર્ક ચાલુ રહ્યો હતો. ત્યારબાદ કોઈ સંપર્ક થયો ન હતો તેથી તેમના પુત્ર ગોવિંદભાઈ સોની તેમજ પુત્રી ઉમાબેન સોની મા-બાપની ચિંતામાં ગરકાવ થઈ ગયા છે. દરમિયાન આ અંગે પ્રાંતિજમાં જાણ થતાં ચાર સ્વજનો ગુરૂવારે તેમને સોધવા હવાઈ માર્ગે દિલ્હી-હરીદ્વાર થઈ કેદારનાથ જવા રવાના થઈ ગયેલા હોવાનું જાણવા મળે છે.

# હિંમતનગર નગરપાલિકા વિસ્તારમાં ૨૧ બાળકોનું નામાંકન કરાયું

હિંમતનગર, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લામાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી અંતર્ગત શાળા પ્રવેશોત્સવના બીજા તબક્કાના બીજા દિવસે હિંમતનગર નગરપાલિકા વિસ્તારની મહેતાપુરા, રાજનગર અને રાજેન્દ્રબાગમાં ૨૧ બાળકો બાળકોનું નામાંકન સારકાંઠા જિલ્લાના સાંસદશ્રી ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણના હસ્તે કરવામાં આવ્યું હતું.

પ્રાસંગિક પ્રવચનમાં સાંસદશ્રીએ જણાવ્યું હતું કે સરસ્વતી સાધના યાત્રાની શરૂઆત કરનાર ચરણાર્થી એવા બાળકોને ઉજજવળ ભાવિ માટે શુભકામના પાઠવી માતા પિતા તથા વડીલોને તેના બાળકને પ્રાથમિક શિક્ષણના મૂળભૂત અધિકારથી વંચિત ન રાખવા અનુરોધ કર્યો હતો. નબળી આર્થિક પરિસ્થિતિને લીધે અભ્યાસ ન કરાવી શકતા માતાપિતાને હવે પોતાના બાળકના શિક્ષણ માટે ચિંતા કરવાની આશ્યકતા રહેતી નથી કારણ કે, રાજ્ય સરકાર દ્વારા મફત શિક્ષણ સુવિધા, ગણવેશ અને શિષ્યવૃત્તિ તથા વિદ્યાલક્ષ્મી બોન્ડ અને અન્ય સહાય પૂરી પાડવામાં આવે છે.

શાળામાં પ્રવેશ લેનાર બાળાઓની માતાઓને પોતાની બાળકીને ભણતર પૂર્ણ ન થાય ત્યાં સુધી ભણતી ન ઉઠાડે તે માટે અનુરોધ કર્યો હતો અને ડ્રોપઆઉટ રેશીયાને ઉંચો લઈ જવા પર સાંસદશ્રીએ ભાર મૂકયો હતો. પ્રવેશપાત્ર બાળકોને મોં મીઠું કરાવી કુમકુમ તિલક કરી શાળાના સ્ટાફ તથા દાતાશ્રીઓના આર્થિક સહયોગથી પ્રવેશપાત્ર બાળકોને સ્કૂલ બેગ આપવામાં આવ્યા હતા.

આ પ્રસંગે હિંમતનગર નગરપાલિકાપ્રમુખશ્રી શંકરભાઈ કહાર, ભાજપા નગરપાલિકા સદસ્યો, તાલુકા કેળવણી નિરિક્ષક, સી.આર.સી. કો-ઓર્ડીનેટર, સી.ડી.પી.ઓ., શહેરીજનો તથા શાળાના શિક્ષકો અને બાળકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

# ઈડર નગરપાલિકા વિસ્તારમાં શાળા પ્રવેશોત્સવ મહોત્સવ યોજાયો

હિંમતનગર, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લામાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી અંતર્ગત શાળા પ્રવેશોત્સવના બીજા તબક્કાના બીજાદિવસેઈડર નગરપાલિકાવિસ્તારની શાળા નં. ૧, ૨ અને ૫માં ૮૬ બાળકો તથા આંગણવાડીના ૧૧૦ બાળકોનું નામાંકન જી.સી.ઈ.આર.ટી.ના રીડર શ્રી એસ.જી. મંડીરના હસ્તે કરવામાં આવ્યું હતું.

પ્રાસંગિક પ્રવચનમાં શ્રી મંડીરે જણાવ્યું હતું કે શિક્ષણ એટલે ગરીબી દૂર કરવાની ચાવી છે તથા આજનું બાળક આવતી કાલના ભારતનું ભાવી છે. ભારતની આવતી ભાવી પેઢીને ઉજાગર કરવા શિક્ષણ લેવું અનિવાર્ય છે તેમજ ઉપસ્થિત માતા પિતા તથા વડીલોને તેના બાળકને પ્રાથમિક શિક્ષણના મૂળભૂત અધિકારથી વંચિત ન રાખવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે ઈડર નગરપાલિકા પ્રમુખશ્રી, નગરપાલિકાના સદસ્યો, તાલુકા કેળવણી નિરિક્ષક, સી.આર.સી. કો-ઓર્ડીનેટર, મુખ્ય સેવીકા, શહેરીજનો તથા શાળાના શિક્ષકો અને બાળકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE
બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ
ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

# ઉત્તર ગુજરાતના બજાર ભાવો

## પાટણ

| | | |
|---|---|---|
| જીરુ | ૧૮૯૦ | ૨૪૫૨ |
| વરીયાળી | ૭૮૦ | ૧૪૦૦ |
| જુવાર | ૨૫૦ | ૫૮૧ |
| રાયડો | ૫૪૦ | ૬૪૧ |
| એરંડા | ૬૬૦ | ૭૦૪ |
| ઘઉં | ૩૦૦ | ૪૨૦ |
| બાજરી | ૨૪૦ | ૩૦૧ |
| બંટી | ૪૦૭ | ૪૧૪ |
| ગવાર | ૧૨૮૦ | ૧૪૮૨ |
| મેથી | ૪૫૦ | ૫૫૪ |

## વિજાપુર

| | | |
|---|---|---|
| વરિયાળી | ૧૧૦૦ | ૧૫૦૦ |
| એરંડા | ૬૯૦ | ૭૧૯ |
| બાજરી | ૨૫૦ | ૩૧૫ |
| ઘઉં | ૨૮૦ | ૩૬૦ |
| જુવાર | ૩૫૦ | ૪૪૨ |
| ગવાર | ૧૩૫૧ | ૧૪૫૧ |

## કૂકરવાડા

| | | |
|---|---|---|
| એરંડા | ૬૭૫ | ૬૯૫ |
| બાજરી | ૨૨૦ | ૩૨૩ |
| ઘઉં | ૩૦૦ | ૩૮૭ |
| જુવાર | ૩૪૦ | ૪૧૨ |
| ગવાર | ૧૨૫૨ | ૧૪૫૦ |

## ધનસુરા

| | | |
|---|---|---|
| એરંડા | ૬૭૦ | ૬૮૦ |
| બાજરી | ૨૬૫ | ૨૭૭ |
| મકાઈ | ૨૪૦ | ૨૮૦ |
| ઘઉં | ૩૧૨ | ૩૧૬ |
| ગવાર | ૧૩૦૦ | ૧૩૮૦ |

## તલોદ

| | | |
|---|---|---|
| મગફળી | ૬૦૪ | ૯૮૫ |
| એરંડા | ૬૮૫ | ૬૯૭ |
| ઘઉં | ૩૦૦ | ૫૦૬ |
| બાજરી | ૨૫૧ | ૨૭૪ |
| ગવાર | ૧૨૬૦ | ૧૪૧૨ |
| વરિયાળી | ૧૦૦૦ | ૧૮૫૦ |

## ખેડબ્રહ્મા

| | | |
|---|---|---|
| ઘઉંલોકવન | ૩૦૫ | ૩૩૦ |
| ઘઉં | ૩૧૫ | ૩૬૦ |
| મકાઈ | ૨૨૦ | ૨૭૧ |
| મગ | ૧૦૦૦ | ૧૦૫૮ |
| મગફળી | ૭૨૫ | ૭૭૧ |
| એરંડા | ૬૧૫ | ૬૮૫ |

## દહેગામ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૬૫ | ૩૦૦ |
| ઘઉં | ૩૧૪ | ૩૫૦ |
| ડાંગર | ૨૮૦ | ૩૦૦ |
| એરંડા | ૬૭૭ | ૬૮૮ |
| ગવાર | ૧૩૦૦ | ૧૩૭૫ |
| મકાઈ | ૨૭૦ | ૨૭૫ |
| તુવેર | ૫૩૦ | ૬૧૫ |
| જુવાર | ૩૫૦ | ૪૨૮ |
| રાયડો | ૫૪૦ | ૬૦૦ |

## રખિયાલ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૬૦ | ૨૯૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૪૦ |
| ડાંગર | ૨૭૫ | ૨૯૦ |
| એરંડા | ૬૭૫ | ૬૮૫ |
| ગવાર | ૧૨૭૫ | ૧૩૫૦ |
| મકાઈ | ૨૨૫ | ૨૮૦ |
| તુવેર | ૫૨૫ | ૬૬૦ |
| જુવાર | ૩૪૦ | ૪૨૫ |
| રાયડો | ૫૨૫ | ૫૫૦ |

## હિંમતનગર

| | | |
|---|---|---|
| મગફળી | ૬૫૦ | ૮૯૧ |
| એરંડા | ૬૮૦ | ૬૯૭ |
| ઘઉં | ૩૧૦ | ૩૬૦ |
| મકાઈ | ૨૫૦ | ૨૭૯ |
| ગવાર | ૧૨૦૦ | ૧૪૬૧ |
| બાજરી | ૨૬૦ | ૨૮૦ |
| જુવાર | ૩૫૦ | ૪૨૧ |
| ચણા | ૬૦૦ | ૬૭૫ |
| મગ | ૧૦૦૦ | ૧૦૨૦ |

## સિદ્ધપુર

| | | |
|---|---|---|
| જીરૂ | ૨૧૭૫ | ૨૩૬૫ |
| રાજગરો | ૮૨૦ | ૧૦૨૨ |
| એરંડા | ૬૭૦ | ૬૭૫ |
| રાયડો | ૬૦૦ | ૬૩૦ |
| ગવાર | ૧૦૦૦ | ૧૫૭૫ |
| ઘઉં | ૨૬૫ | ૪૧૨ |
| બાજરી | ૨૩૦ | ૩૩૪ |
| જુવાર | ૩૨૦ | ૬૦૭ |
| સવા | ૭૨૫ | - |
| મગ | ૭૫૫ | - |
| તલ | ૧૮૦૦ | - |
| જવ | ૨૭૧ | - |

## ઉંઝા

| | | |
|---|---|---|
| જીરૂ | ૨૦૨૫ | ૨૭૬૦ |
| વરીયાળી | ૮૭૫ | ૨૨૫૦ |
| ઈ.ગુલ | ૧૧૦૦ | ૧૪૮૫ |
| રાયડો | ૫૮૧ | ૬૬૯ |
| તલ | ૧૮૨૧ | ૨૧૫૮ |
| મેથી | ૫૪૨ | ૫૪૫ |
| અજમો | ૫૪૬ | ૬૯૦ |

## કડી

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૦ | ૩૪૯ |
| બાજરી | ૨૪૫ | ૨૮૦ |
| ગવાર | ૧૩૬૦ | ૧૪૮૧ |
| એરંડા | ૬૮૦ | ૬૮૯ |
| જીરૂ | ૨૦૦૦ | ૨૪૫૭ |
| ડાંગર | ૩૦૦ | ૩૭૫ |
| જુવાર | ૩૭૦ | ૪૧૮ |
| મકાઈ | ૨૪૧ | - |
| બંટી | ૩૮૨ | - |
| તુવેર | ૭૪૨ | ૭૭૯ |

## મહેસાણા

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૧ | ૩૬૩ |
| બાજરી | ૨૪૦ | ૨૯૦ |
| એરંડા | ૬૭૨ | ૬૯૩ |
| ગવાર | ૧૩૬૫ | ૧૩૮૭ |
| જુવાર | ૨૬૮ | ૫૪૧ |
| જીરૂ | ૨૦૯૫ | ૨૪૧૦ |
| રાયડો | ૫૬૫ | ૬૧૮ |
| મેથી | ૫૨૯ | ૫૩૧ |
| સવા | ૬૭૧ | - |
| રાજગરો | ૧૨૦૦ | ૧૬૧૦ |
| બંટી | ૩૧૮ | ૩૮૦ |

## જોટાણા

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૭૦ | ૨૯૧ |
| એરંડા | ૬૭૮ | ૬૯૧ |
| ગવાર | ૧૧૪૬ | ૧૩૦૦ |
| બાજરી | ૨૪૮ | - |
| જુવાર | ૪૦૧ | - |

## માણસા

| | | |
|---|---|---|
| રાયડો | ૬૦૮ | ૬૦૯ |
| એરંડા | ૬૫૦ | ૭૦૫ |
| ગવાર | ૧૧૨૧ | ૧૫૭૫ |
| ઘઉં | ૩૦૩ | ૩૬૪ |
| બાજરી | ૨૬૫ | ૩૦૮ |
| જુવાર | ૩૫૦ | ૫૧૭ |

## મોડાસા

| | | |
|---|---|---|
| મગફળી | ૭૦૦ | ૮૮૯ |
| એરંડા | ૬૭૫ | ૬૯૦ |
| બાજરી | ૨૬૫ | ૩૦૫ |
| મકાઈ | ૨૭૦ | ૩૧૭ |
| ઘઉં | ૩૦૦ | ૩૬૬ |
| ગવાર | ૧૩૫૦ | ૧૪૨૧ |
| જુવાર | ૩૮૦ | ૪૦૧ |
| મગ | ૯૫૦ | ૧૦૮૦ |
| વરિયાળી | ૧૧૦૦ | ૧૪૪૦ |

## ટીટોઈ

| | | |
|---|---|---|
| મગફળી | ૭૦૦ | ૮૭૦ |
| બાજરી | ૨૫૦ | ૨૮૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૪૫ |
| મકાઈ | ૨૩૦ | ૨૬૦ |
| ગવાર | ૧૩૦૦ | ૧૪૦૦ |
| એરંડા | ૬૬૫ | ૬૭૮ |

## બાયડ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૦૫ | ૨૭૦ |
| મકાઈ | ૨૭૫ | ૨૮૫ |
| ઘઉં | ૩૧૦ | ૩૮૦ |
| એરંડા | ૬૫૦ | ૬૬૫ |
| ગવાર | ૧૧૮૦ | ૧૩૫૦ |

## હારીજ

| | | |
|---|---|---|
| રાયડો | ૬૦૦ | ૬૨૫ |
| એરંડા | ૬૫૦ | ૬૯૦ |
| બાજરી | ૨૫૦ | ૨૮૫ |
| ઘઉં | ૨૯૦ | ૪૦૦ |
| ગવાર | ૧૩૦૦ | ૧૪૩૦ |
| ચણા | ૫૫૦ | ૬૦૦ |
| જીરુ | ૨૧૦૦ | ૨૫૦૭ |
| અડદ | ૫૦૦ | ૬૧૬ |
| મેથી | ૫૦૦ | ૫૪૦ |

## બાવળા

| | | |
|---|---|---|
| આઈઆર | ૨૮૦ | ૩૩૦ |
| ઘઉં | ૩૨૪ | - |
| ઘઉં | ૩૧૭ | ૩૩૬ |
| ઘઉં | ૩૩૫ | ૩૬૭ |
| જવ | ૨૧૯ | - |
| એરંડા | ૬૨૧ | ૬૭૮ |
| રાયડો | ૬૧૪ | ૬૩૭ |
| રાઈ | ૫૦૦ | ૫૭૬ |
| ડાંગર | ૩૨૬ | - |
| મેથી | ૪૬૧ | - |

## કલોલ

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૬૦ |
| એરંડા | ૬૦૦ | ૬૯૪ |
| ગવાર | ૧૩૬૦ | ૧૪૪૫ |
| બાજરી | ૨૫૦ | ૨૯૭ |
| ડાંગર | ૨૭૦ | ૩૬૦ |
| જવ | ૨૪૫ | - |
| જુવાર | ૩૬૫ | ૫૨૪ |
| રાયડો | ૬૦૦ | ૬૦૮ |

## પાલનપુર

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૦ | ૪૩૫ |
| એરંડા | ૬૭૩ | ૬૮૮ |
| બાજરી | ૨૦૦ | ૨૯૫ |
| રાયડો | ૬૦૮ | ૬૭૨ |
| રાજગરો | ૮૫૦ | ૧૦૪૦ |
| મગફળી | ૪૫૦ | ૯૬૭ |

## આંબલીયાસણ

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૮૭ | ૪૦૦ |
| જુવાર | ૩૦૦ | ૩૭૦ |
| બાજરી | ૨૬૫ | ૨૯૩ |
| એરંડા | ૬૭૪ | ૬૮૦ |
| રાયડો | ૬૩૦ | ૬૫૦ |
| ગવાર | ૧૩૨૮ | ૧૪૧૦ |

## વિસનગર

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૫ | ૩૮૫ |
| બાજરી | ૨૦૦ | ૩૧૭ |
| જુવાર | ૩૦૦ | ૫૫૧ |
| ગવાર | ૧૩૦૦ | ૧૪૩૧ |
| રાયડો | ૫૫૦ | ૬૩૫ |
| રજકો | ૧૪૦૦ | ૧૪૪૦ |
| એરંડા | ૬૦૦ | ૬૩૦ |
| તલ | ૧૭૦૦ | ૧૮૦૦ |
| મેથી | ૪૭૫ | ૫૪૦ |
| જવ | ૨૫૦ | ૨૬૦ |

## સલાલ

| | | |
|---|---|---|
| મગફળી | ૬૫૦ | ૯૧૫ |
| ઘઉં | ૩૦૦ | ૩૫૦ |
| બાજરી | ૨૫૫ | ૨૭૧ |
| ડાંગર | ૩૦૦ | ૩૧૫ |
| ડાંગર ગુજ. | ૩૩૫ | ૩૫૦ |

## પ્રાંતિજ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૬૦ | ૬૮૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૪૦ |
| બાજરી | ૨૫૫ | ૨૭૧ |
| ડાંગર | ૩૦૦ | ૩૫૮ |